# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




મહુધાની રાસ્કા નહેરમાં ન્હાવા પડેલા કાકા-ભત્રીજાના ડૂબી જવાથી કરુણ મોત

# સાળીના લગ્નમાં આવેલા સુંદરપુરાના બે યુવાનો કાળનો કોળિયો બન્યા

**ભત્રીજાને** બચાવવા જતાં કાકા પણ ઊંડા પાણીમાં ગરકાવ થતાં લગ્નનો હર્ષ માતમમાં ફેરવાયો



(પ્રતિનિધિ) નડિયાદ, તા.10

મહુધા તાલુકાના અલીણા પાસે આવેલા રામનગરની સીમમાંથી પસાર થતી રાસ્કા વિયર નહેરમાં આજે સવારે ન્હાવા પડેલા બે યુવાનોના ડૂબી જવાથી મોત નિપજ્યા છે. ઉમરેઠના સુંદરપુરા ગામથી સાળીના લગ્નમાં આવેલા કાકા અને ભત્રીજો કેનાલના તેજ પ્રવાહમાં તણાઈ જતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ભત્રીજાને ડૂબતો જોઈ બચાવવા પડેલા કાકા પણ પાણીમાં ગરકાવ થઈ જતાં ખુશીનો પ્રસંગ માતમમાં ફેરવાઈ ગયો હતો.

ઉમરેઠ તાલુકાના સુંદરપુરા ગામે રહેતા 26 વર્ષીય શનિભાઈ રમેશભાઈ વસાવા અને તેમનો 18 વર્ષીય ભત્રીજો સાવનભાઈ હિતેશભાઈ વસાવા રામનગર ગામે લગ્ન પ્રસંગમાં આવ્યા હતા. શનિભાઈની સાળીના લગ્ન હોવાથી પરિવારમાં ઉત્સાહનો માહોલ હતો અને ગત રાત્રે બંને યુવાનોએ ગરબાની પણ રમઝટ બોલાવી હતી. આજે રવિવારે બપોરે લગ્નની વિધિઓ યોજાવાની હતી તે પૂર્વે સવારે 9 વાગ્યાના સુમારે બંને યુવાનો રામનગર સીમમાં આવેલી નહેરમાં ન્હાવા માટે ગયા હતા. નહેરમાં ન્હાતી વખતે અચાનક સાવનભાઈ પાણીના ઊંડાણમાં જવા લાગ્યા હતા અને ડૂબવા માંડ્યા હતા. પોતાના ભત્રીજાને ડૂબતો જોઈ તેને બચાવવા માટે શનિભાઈએ પણ નહેરમાં ઝંપલાવ્યું હતું. જોકે નહેરમાં પાણીનો પ્રવાહ અત્યંત તેજ હોવાથી અને પાણી ઊંડું હોવાને કારણે બંને યુવાનો પ્રવાહ સામે ટકી શક્યા નહોતા અને જોતજોતામાં આંખની પલકવારમાં ગરકાવ થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ લગ્ન પ્રસંગમાં હાજર સંબંધીઓ અને સ્થાનિક ગ્રામજનો નહેર કિનારે દોડી આવ્યા હતા.

સ્થાનિક તરવૈયાઓએ ભારે જહેમત બાદ બંને યુવાનોના નિશ્ચેતન દેહ નહેરમાંથી બહાર કાઢ્યા હતા. સ્થાનિક સ્તરે પ્રાથમિક સારવાર આપવાનો પ્રયાસ કરાયો હતો પરંતુ કોઈ હલનચલન ન જણાતા બંનેના મોત નિપજ્યા હોવાનું માલૂમ પડ્યું હતું. બનાવની જાણ થતાં મહુધા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મહુધા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડ્યા હતા. પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### ગર્ભવતી પત્ની અને માસૂમ પુત્રીએ છત્રછાયા ગુમાવી

આ અકસ્માતમાં જીવ ગુમાવનાર શનિભાઈ વસાવાના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. મૃતક શનિભાઈને સંતાનમાં એક 3 વર્ષની માસૂમ પુત્રી છે. એટલું જ નહીં, તેમની પત્ની હાલ 5 માસની ગર્ભવતી હોવાનું જાણવા મળ્યું છે. ઘરના મોભી અને જુવાનજોધ દીકરાના મોતના સમાચારથી સુંદરપુરામાં પણ ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## કાળઝાળ ગરમીમાં માટલાંની માંગ વધી, ગ્રામ્ય વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગ ધમધમ્યો





ઉનાળાની કાળઝાળ ગરમી વધતા લોકો ઠંડા પાણી માટે ફરી એકવાર પરંપરાગત માટલાં તરફ વળી રહ્યા છે. દેશી ફ્રિજ સમાન ગણાતા માટલાંની માંગમાં નોંધપાત્ર વધારો થતા ગ્રામ્ય વિસ્તારોમાં કુંભાર સમાજ દ્વારા ગૃહ ઉદ્યોગ હેઠળ માટલાં બનાવવાનું કામ પૂરજોશમાં શરૂ થયું છે. ગામડાંઓમાં પરિવારના સભ્યો મળીને વિવિધ આકાર અને ડિઝાઇનના માટલાં તૈયાર કરી રહ્યા છે. કુદરતી રીતે પાણી ઠંડુ રાખતા માટલાંની માંગ શહેરોમાં પણ વધી રહી છે. પરંપરાગત કળાને જાળવી રાખતા આ વ્યવસાયથી અનેક પરિવારોને રોજગારી મળી રહી છે.

# મહિસાગર નદીમાંથી મળેલ નવજાતના શબનો ભેદ ઉકેલાયો

**સામાજિક** રિવાજને કારણે નદીમાં પધરાવ્યું હતું શબ

(પ્રતિનિધિ) મહીસાગર, તા.10

ઉમેટાના મહીસાગર નદીના ગણેશ વિસર્જન ઘાટ પાસે પંદરેક દિવસના નવજાત શિશુનો મૃતદેહ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. આંકલાવ પોલીસ ટીમે માત્ર 48 કલાકની અંદર બાળકના વાલીવારસને શોધી કાઢી સમગ્ર ઘટના પરથી પડદો ઊંચક્યો છે.

પોલીસે તપાસ માટે ત્રણ જુદી-જુદી ટીમો બનાવી હતી. જેમાં આસપાસના લોકોની પૂછપરછમાં એક શંકાસ્પદ સીએનજી રિક્ષાની માહિતી મળી હતી. પોલીસે 100 જેટલા CCTV કેમેરા તપાસ્યા હતા. આ તપાસમાં રિક્ષા નંબર જીજે-06-બીઝેડ-6951 ટ્રેસ થયો હતો, સીસીટીવી કેમેરા જોવાનું ચાલુ રાખતા રીક્ષા કાસા રેસીડેન્સી કોટેશ્વર વડોદરા તરફ જતી નજરે પડી હતી.

પોલીસે રિક્ષાચાલક સતીષ કુમાર સુંદરલાલ રહે. કાસા રેસીડેન્સી જી.વડોદરાની પૂછપરછ કરતા જાણવા મળ્યું કે બાળક વડોદરાના વલસણમાં રહેતા વિશાલ રાજનસિંગ તોમર હાલ રહે.કોટેશ્વર ગામ જી.વડોદરા મુળ રહે.મધ્યપ્રદેશનું હતું. પૂછપરછમાં પિતાએ જણા વ્યું હતું કે, બાળકનો જન્મ 1 મે 2026 ના રોજ થયો હતો, પરંતુ ગર્ભાશયનું પાણી પી જવાને કારણે તે બીમાર હતું. એસએસજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન 7 મેના રોજ બાળકનું મોત નીપજ્યું હતું. તેમના સામાજિક રિવાજ મુજબ 18 વર્ષથી નાની વયના બાળકને દફનાવવા કે સળગાવવાને બદલે વહેતા પાણીમાં વિસર્જન કરવાની પ્રથા હોવાથી તેઓએ બાળકને મહી નદીમાં પધરાવ્યું હતું.

રવિવારે બપોરના સુમારે રીતસરની અગનજ્વાળાઓ વરસી રહી હોય તેવી સ્થિતિ

# આણંદમાં 42.5 ડીગ્રી તાપમાનમાં અગનજ્વાળા જેવી સ્થિતિથી જનજીવન તોબા પોકારી ઉઠ્યું

**અસહ્ય** ગરમીના પગલે જનજીવનને પણ વ્યાપક અસર પહોંચી હતી. બપોરના સુમારે જાહેર માર્ગો પણ વાહનો વિના જાણે સુમસામ થઈ ગયા




(પ્રતિનિધિ) આણંદ તા 10

રાજ્યના હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલી હિટવેવની આગાહી વચ્ચે આજે સતત બીજા દિવસે આણંદ જિલ્લામાં લોકોએ કાળઝાળ ગરમીનો અનુભવ કર્યો હતો. આણંદમાં મહત્તમ તાપમાન 42.5 ડિગ્રીએ પહોંચતા આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યા હોય તેવો લોકોએ અનુભવ કર્યો હતો. રવિવારે સમગ્ર જિલ્લાના તમામ તાલુકાઓમાં બપોરના સુમારે કરફ્યુ જેવો સન્નાટો પ્રસર્યો હતો.

બીજી તરફ નાગરિકોને હિટ સ્ટ્રોક અને લૂથી બચવા માટે આરોગ્ય વિભાગે માર્ગદર્શિકા જારી કરવા સાથે બપોરે કામ વિના બહાર ન નીકળવા સલાહ આપી છે. આણંદ શહેર સહિત જિલ્લામાં તમામ શહેરો અને તાલુકા ગ્રામ્ય વિસ્તારોમાં તાપમાનનો પારો સડસડાટ વધવા લાગતાં લોકોનાં લમણાં જાણે શેકાઈ રહ્યા હોય તેવી ગરમીનો અનુભવ થયો હતો. સુરજદાદા જાણે કોપાયમાન થયા હોય તેમ આકાશમાંથી ગરમી પડી રહી છે. આકાશમાંથી આજે રવિવારે બપોરના સુમારે રીતસરની અગનજ્વાળાઓ વરસી રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આણંદમાં આજે મહત્તમ તાપમાન 42.2 ડિગ્રી નોંધાયું હતું. મોટા ભાગના શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકોએ આજે હિટવેવનો અનુભવ કર્યો હતો. ગરમીનો પારો 42.5 ડિગ્રીએ પહોંચી જતાં લોકોને કાળઝાળ ગરમીનો અનુભવ થયો હતો. લોકો પરસેવે રેબઝેબ થઈ ઉઠયા હતા. ગરમીના કારણે લોકોએ બપોરના સમયે બિનજરૂરી બહાર જવાનું ટાળ્યું હતું. અસહ્ય ગરમીના પગલે જનજીવનને પણ વ્યાપક અસર પહોંચી હતી.

પોલીસે ભરૂચ પાલેજના પશુ અત્યાચારીને ઝડપી પાડયો

# વાસદ હાઈવે પર 18 પશુની હેરાફેરી ઝડપાઈ

**ચારા-પાણીની** સગવડ વગર પશુઓને ક્રૂરતાપૂર્વક બાંધ્યા હતા

(પ્રતિનિધિ) આણંદ, તા.10

વાસદ-બોરસદ હાઈવે પર સુંદણ ફાટક નજીક ગૌરક્ષકો અને પોલીસની સતર્કતાથી પશુ ક્રૂરતાની ગુનાખોરી પકડવામાં આવી હતી. જેમા ટ્રકમાં ખીચોખીચ ભરેલા ૧૮ પશુઓને પોલીસે કબજે કર્યા હતા.

ગૌરક્ષક અરૂણસિંહ રાજને બાતમી મળી હતી કે એક ટ્રક પશુઓ ભરીને ભરૂચ તરફ જઈ રહ્યો છે. જે અંગે ગૌરક્ષકોએ પશુ અત્યાચારીઓની ટ્રકનો પીછો કર્યો હતો.અને સુંદણ ફાટક પાસે ટ્રક (જીજે-01-જેટી-4893) ને અટકાવી હતી. તપાસ કરતા તેમાં 18 પશુઓ ટૂંકા દોરડાથી બાંધેલી હાલતમાં મળી આવેલ હતા. ટ્રકમાં પશુઓ માટે ઘાસચારો કે પાણીની કોઈ વ્યવસ્થા નહોતી.

ગૌરક્ષકોએ ટ્રક ચાલક ઈરફાન અબ્બાસ શેખ (રહે. પાલેજ, ભરૂચ)ને દબોચી લીધો હ તો .તેની પાસે પશુઓની માલિકી કે હેરાફેરી અંગેના કોઈ જ આધાર-પુરાવા નહોતા. તે સ્થિતિમાં ગૌરક્ષકોએ તેને વાસદ પોલીસને હવાલે કરતા પોલીસે ૧૦ લાખનો ટ્રક અને ૩.૬૦ લાખની કિંમતના ૧૮ પશુઓ મળી કુલ રૂ.૧૩.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અને પકડાયેલ ઈસમ વિરૂધ્ધ 'પશુઓ ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ' હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ચલાવી હતી.

# નડિયાદમાં 108 ની ટીમે જોડિયા બાળકોની પ્રસૂતિ કરાવી જીવ બચાવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.10

ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના દાવડા ગામના એક સગર્ભા મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતા તેમને સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના તબીબો દ્વારા સોનોગ્રાફી કરતા મહિલાના ગર્ભમાં જોડિયા બાળકો હોવાનું માલૂમ પડ્યું હતું. આ કેસ જટિલ જણાતા વધુ સારી સુવિધાઓ અને નિષ્ણાત ડોક્ટરોની દેખરેખ માટે મહિલાને તાત્કાલિક અમદાવાદની 1200 બેડ હોસ્પિટલમાં રિફર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ માટે 108 ઈમરજન્સી સેવાને કોલ કરવામાં આવતા નડિયાદ લોકેશનની ટીમ ગણતરીની મિનિટોમાં સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચી ગઈ હતી. EMT



મહેન્દ્રભાઈ પરમાર અને પાયલટ રમેશભાઈ પરમારે સગર્ભાની સ્થિતિ તપાસી તેમને એમ્બ્યુલન્સમાં શિફ્ટ કરી અમદાવાદ જવા રવાના થયા હતા. નડિયાદથી અમદાવાદ તરફ જતી વખતે હાઈવે પર સગર્ભા મહિલાને અચાનક અત્યંત તીવ્ર પ્રસૂતિ પીડા ઉપડી હતી. એમ્બ્યુલન્સમાં હાજર સ્ટાફે પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લેતા હોસ્પિટલ પહોંચે ત્યાં સુધી રાહ જોવી જોખમી જણાતા માર્ગમાં જ ગાડી સાઈડમાં ઉભી રાખી દીધી હતી. EMT મહેન્દ્રભાઈએ તાત્કાલિક ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર પર સંપર્ક સાધી ફરજ પરના ફિઝિશિયન ડોક્ટર મહેતા મેડમની સલાહ મેળવી હતી.

EMRI ગ્રીન હેલ્થ સર્વિસીસ દ્વારા મળેલ તાલીમ અને ડોક્ટરના ઓન કોલ માર્ગદર્શન મુજબ મહેન્દ્રભાઈ અને પાયલટ રમેશભાઈએ એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવવાની કામગીરી શરૂ કરી હતી. તમામ સાવચેતી અને તબીબી પ્રોટોકોલના પાલન સાથે મહિલાએ એમ્બ્યુલન્સમાં જ સુરક્ષિત રીતે બે સ્વસ્થ પુત્રોને જન્મ આપ્યો હતો.

આ સફળ અને સલામત પ્રસૂતિ બાદ 108 ની ટીમે નવજાત શિશુઓ અને માતાને પ્રાથમિક સારવાર આપી હતી.

# ચરોતરના ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી માટે વર્મિ કલ્ચરનો ક્રેઝ વધ્યો

**રાસાયણિક** ખાતરોના અતિરેકને કારણે જમીન બંજર બની રહી છે ત્યારે અળસિયા ખેડૂતો માટે નવી આશા સમાન

(પ્રતિનિધિ) આણંદ તા 10

આજના આધુનિક યુગમાં રાસાયણિક ખાતરોના અતિરેકને કારણે જમીન બંજર બની રહી છે અને ખેતી ખર્ચ આસમાને પહોંચ્યો છે ત્યારે આણંદ ખેડા જિલ્લામાં અળસિયા પાલન ખેડૂતો માટે આશાની નવી કિરણ લઈને આવ્યું છે. અળસિયા દ્વારા તૈયાર થતું વર્મિ કમ્પોસ્ટ ખાતર માત્ર જમીન સુધારણા જ નહીં, પરંતુ ગ્રામીણ યુવાનો અને મહિલાઓ માટે કમાણીનું ઉત્તમ સાધન બની રહ્યું છે. અળસિયા પાલનની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં કાચા માલ તરીકે ખેતરનો કચરો, પશુ છાણ અને સૂકા પાંદડાનો ઉપયોગ થાય છે. આ કચરા પર પ્રક્રિયા કરીને અળસિયા ઉચ્ચ ગુણવત્તાયુક્ત જૈવિક ખાતર તૈયાર કરે છે. ખેડૂતો આ ખાતર ખેતરમાં વાપરીને રાસાયણિક ખાતરનો ખર્ચ બચાવી રહ્યા છે અને વધારાનું ખાતર બજારમાં વેચીને સીધી આવક મેળવી રહ્યા છે.

ખાતરની સાથોસાથ અળસિયાના યુનિટમાંથી મળતું પ્રવાહી જે વર્મિ-વોશ તરીકે ઓળખાય છે તે ખેતીમાં જૈવિક ટોનિક તરીકે લોકપ્રિય થઈ રહ્યું છે. તેના છંટકાવથી પાકની રોગપ્રતિકારક શક્તિ વધે છે અને બજારમાં તેની ઊંચી કિંમત મળતી હોવાથી પશુપાલકો માટે આ ડબલ નાનો સોદો સાબિત થઈ રહ્યો છે. કૃષિ નિષ્ણાતોના મતે, અળસિયા જમીનમાં કુદરતી રીતે હળ ચલાવવાનું કામ કરે છે. તે જમીનમાં અસંખ્ય છિદ્રો બનાવી હવા અને ભેજનું સંતુલન જાળવે છે. જેને કારણે ઓછા પાણીએ પણ પાક વધુ સારો થાય છે અને લાંબા ગાળે જમીન ફરી જીવંત બને છે. ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવા માટે આ એક શ્રેષ્ઠ મોડેલ છે. પશુપાલન સાથે સંકળાયેલા પરિવારો અને ખેતીવાડી સ્નાતકો માટે આ એક સફળ બિઝનેસ તક છે. ખાસ કરીને મહિલા મંડળો ઘરઆંગણે નાના યુનિટ શરૂ કરી આર્થિક રીતે પગભર બની શકે છે. આગામી સમયમાં જ્યારે ઓર્ગેનિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે અળસિયા પાલન અપનાવનાર ખેડૂત સફળ કૃષિ ઉદ્યોગસાહસિક તરીકે ઉભરી આવશે.

# કડાણા પોલીસે વિદેશી દારૂ ભરેલી કાર ઝડપી પાડી

**કારને** રોકવાનો ઈશારો કર્યો પરંતુ કારચાલકે કાર હંકારી મૂકી

(પ્રતિનિધિ) કડાણા, તા.10

રાજસ્થાન તરફથી ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહેલા વિદેશી દારૂના જથ્થાને કડાણા પોલીસે દેદાવાડા ત્રણ રસ્તા પાસે ઝડપી પાડ્યો છે. જોકે, અંધારાનો લાભ લઈને બુટલેગરો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

એક આઈ ટ્વેન્ટી કારમાં દારૂનો જથ્થો લવાઈ રહ્યો છે. જે અંગે પોલીસે અલગ રસ્તા પર વોચ ગોઠવતા ઘાસવાડા તરફથી આવતી કારને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ ચાલકે કાર હંકારી મૂકી હતી. પોલીસે ખાનગી વાહનમાં તેનો પીછો કર્યો હતો. દેદાવાડા ત્રણ રસ્તા પાસે વળાંકમાં કારના ચાલકે કાબૂ ગુમાવતા કાર રોડથી 30 ફૂટ દૂર ખેતરમાં ફસાઈ ગઈ હતી.

પોલીસે કારમાં તપાસ કરતા કાર ચાલક સહિત બાજુમાં બેઠેલો અન્ય એક ઈસમ અંધારાનો લાભ ઉઠાવી નાશી ગયા હતા. કાર પર અમદાવાદ પાસિંગનો નંબર (જીજે-01-ડબ્લ્યુએ-9787) હતો, પરંતુ અંદરથી રાજસ્થાનની નંબર પ્લેટ (આરજે-51-સીએ-7185) મળી આવી હતી. ચેસીસ નંબરની તપાસ કરતા કારનો અસલ નંબર આરજે-45-સીક્યુ-5358 હોવાનું જણાયું હતું. કારમાંથી દારૂની કુલ 1752 બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ.358801/- થાય છે. પોલીસે કાર સહિત કુલ રૂ.7,58,801/-નો મુદ્દામાલ કબજે કર્યો હતો. કડાણા પોલીસે કારમાંથી ભાગેલા બન્ને બુટલેગરો સામે કારના અધારે ફરીયાદ નોંધી તપાસ ચલાવી છે.

# ચારુસેટના 850થી વધુ વિદ્યાર્થીને મળી જોબ ઓફર, 25 લાખનું હાઈએસ્ટ પેકેજ

**આઠ મહિનામાં દેશ** - વિદેશની પ્રતિષ્ઠિત કંપનીએ જોબ ઓફર આપી

(પ્રતિનિધિ) આણંદ તા.9

ચાંગા સ્થિત વિશ્વવિખ્યાત ચારુસેટ યુનિવર્સિટીએ વર્ષ 2025-26ના પ્લેસમેન્ટ સીઝનમાં ઝળહળતી સફળતા હાંસલ કરી છે. છેલ્લા માત્ર 8 મહિનામાં જ યુનિવર્સિટીના 850થી વધુ વિદ્યાર્થીઓને દેશ-વિદેશની પ્રતિષ્ઠિત કંપનીઓએ આકર્ષક જોબ ઓફર આપી છે, જેમાં મહત્તમ 25 લાખ સુધીનું વાર્ષિક પેકેજ સામેલ છે.

ચારુસેટ યુનિવર્સિટીના પ્લેસમેન્ટ ડ્રાઈવમાં કુલ એક હજારથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી 82 ટકા વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક જોબ મેળવવામાં સફળ રહ્યા છે. આ વર્ષે એવરેજ પેકેજ પણ 5.1 લાખ જેટલું નોંધપાત્ર રહ્યું છે. ખાસ કરીને કોમ્પ્યુટર એન્જિનિયરિંગના વિદ્યાર્થીને 25 લાખનું સૌથી ઊંચું પેકેજ પ્રાપ્ત થયું છે. આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં એમેઝોન, ફ્લિપકાર્ટ, આઈબીએમ, ટીસીએસ, રિલાયન્સ, એમજી મોટર્સ, ટાટા કન્સલ્ટિંગ અને અદાણી ગ્રુપ જેવી 120થી વધુ જાણીતી કંપનીઓએ ચારુસેટના ટેલેન્ટ પર ભરોસો મૂકીને વિદ્યાર્થીઓની પસંદગી કરી છે.

ચારુસેટની આ સફળતા પાછળ તેનું મજબૂત શૈક્ષણિક માળખું જવાબદાર છે. વિદ્યાર્થીઓને બીજા અને ત્રીજા વર્ષથી જ કંપનીઓમાં સમર ઈન્ટર્નશિપ માટે મોકલવામાં આવે છે. આ ઉપરાંત, યુનિવર્સિટીમાં ઉપલબ્ધ ઈન્ડસ્ટ્રી 4.0 (રોબોટિક્સ), હાઈ વોલ્ટેજ અને NABL માન્ય લેબોરેટરીઓ વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ પૂરો પાડે છે, જે તેમને કોર્પોરેટ જગત માટે તૈયાર કરે છે. આ ભવ્ય સિદ્ધિ બદલ ચારુસેટના પ્રમુખ સુરેન્દ્ર પટેલ, પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલ અને રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલે તમામ વિદ્યાર્થીઓને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.





ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225